ગાંધીનગર સમાચાર

# કડી સર્વ વિશ્વવિદ્યાલયની ૪૭મી સર્વ નેતૃત્વ તાલીમ શિબિર યોજાઈ





ગાંધીનગર, તા. ૩
કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૪૭મી સર્વ નેતૃત્વ તાલીમ શીબીરનું આયોજન કડી ખાતે સર્વ વિધાલય કેમ્પસ ખાતે યોજાયો જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની ૧૪ કોલેજોના ૬૪ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં શહેરના જાણીતા ટ્રેનર હરેશ પટેલે ઉપસ્તિત રહી નેતૃત્વ અને જીવન ઘડતરના પાઠ શીખવ્યા હતા. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે રોડ સેફટીને લઈને સમગ્ર ભારતમાં એક્સપર્ટ તરીકે સેવા આપતા અમિતભાઈ ખાતરી દ્વારા ટ્રાફિકની સમસ્યાનાં ઉકેલ વિષે, વાહન ચલાવતા સમયે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. એક્સીડેન્ટ અટકાવવા આજના યુવાનો કેવીરીતે મદદરૂપ થઈ શકે છે તેની વિસ્તૃત માહિતી ટ્રાફિકના નિયમો પર બનાવેલ ગીતો, શાયરીઓ અને ગરબા દ્વારા રમુજી અંદાજમાં આપી હતી. સાથે પંકજ મલ કે જેઓ સમાજ સેવાનું ભગીરથ કાર્ય કરે છે.

બિહારના નાનકડા ગામમાં જન્મેલા પંકજભાઈ એ જણાવ્યું હતું કે બાળપણથી દેશ માટે કઈક કરી છુટવાની ભાવના હતી એટલે સમગ્ર ભારતમાં સાઈકલ લઈ યુવાનોને દેશ માટે જીવવાની પ્રેરણા પૂરી પાડે છે અને સ્વચ્છતા અભિયાન, સ્ત્રી શશસ્ત્રીકરણ, ગરીબ બાળકોને ભણાવવાનું વગેરે કાર્યો દ્વારા સમાજ સેવા કરે છે. તેમના જીવની સંઘર્ષ ગાથા સાંભળી ઉપસ્થિત સૌ યુવાનોની આખો ભીની થઈ ગઈ હતી. કાર્યક્રમના અંતે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ વલ્લભભાઈ પટેલે તાલીમાર્થીઓને જીવન લક્ષી માર્ગદર્શન આપી, શુભેચ્છા પાઠવી હતી અને સમાજ ઉત્થાનનાં કાર્યો માટે હાકલ કરી હતી. નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં એડમીન હેડ પરાગભાઈ પટેલ, હાર્ટફૂલનેસ ઈન્સ્ટીટયુટનાં એકતાબેન અને તેમની ટીમ દ્વારા વિધાર્થીઓને જીવનમાં સફળ થવા, આનંદપૂર્વક જીવન જીવવાની પ્રેરણાપૂરી પાડી હતી. પ્રોગ્રામના અંતે વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ વાઈસ ગ્રુપમાં સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ રજૂ કરી, તે પ્રોજેક્ટ્સ નિયત સમયમાં પૂર્ણ કરવાનો નિર્ધાર કર્યો હતો. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે ઉદયભાઈ વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે પૂર્વ તાલીમાર્થી પ્રીતિ મોર્યા, પારસ રાદડિયા, હર્ષ પટેલ, ચિરાગ પટેલ અને સુરજ મુંજાણી દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



પ્રકાશભાઈ પંડ્યા
મો. ૯૮૨૫૮ ૫૪૩૦૦



યુસુફખાન જે. પઠાણ
મો. ૯૮૯૮૦ ૯૭૮૪૩



હર્ષ વિનોદ ઉદેચા



વિહાન પ્રિયાંક પટેલ



ઝરણાબેન કે. ભાવસાર
મો. ૯૮૨૪૯ ૭૨૫૦૨

# નગરના સેવાભાવી યુવાન દ્વારા જન્મદિનની અનોખી ઉજવણી



બર્થડે એટલે પાર્ટી, કેક કટીંગ અને ડાન્સ, આવુ જ ચિત્ર 'બર્થડે' શબ્દ સાંભળતા આપણા મનમાં આવે છે. પરંતુ ગાંધીનગરના યુવાનો હવે પોતાનો જન્મદિવસ માત્ર મોજ મજામાં નહીં પરંતુ સમાજ ઉપયોગી કાર્ય કરીને ઉજવવાનું પસંદ કરતા હોય તેવો ટ્રેન્ડ વધતો જાય છે. આજે માણસા તાલુકાના આજોલ ગામે આવેલી સંસ્કારતીર્થ વિદ્યાલયમાં પોતાનો જન્મદિવસ ખૂબ જ આગવી રીતે ઉજવ્યો હતો.

અલગ અલગ સેવા ગ્રુપો ચલાવતા અને રાધે-રાધે પરીવાર હોસ્ટેલના માલિક એવા તન્મયભાઈએ પોતાનો અભ્યાસ કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં બી.કોમ પુરૂ કર્યા પછી ગુજરાત યુનિવર્સિટીમાં સામાજિક સેવા ક્ષેત્રે માસ્ટર ડિગ્રી મેળવી છે. તેમણે પોતાના જીવનના ૨૩ વર્ષ પુર્ણ કરી ૨૪મા જન્મ દિવસે આજોલ ગામે આવેલ સંસ્કારતીર્થની કુલ ૩૫૦થી વધુ દીકરીઓ તથા તમામ સ્ટાફને ભોજન પીરસ્યું હતું. મૂળ કોલવડાના વતની તથા સેકટર-૨૭ના આ યુવાન છેલ્લા પાંચ વર્ષથી પોતાનો જન્મદિવસ આ રીતે સેવાકીય કાર્યો કરી ઉજવી રહ્યા છે. કે.એસ.વીના સર્વ નેતૃત્વ અને રાધે-રાધે ગ્રુપ સાથે સંકળાયેલા છે.

## ગુણ ચકાસણી કરાવતાં વિદ્યાર્થીને A1 ગ્રેડમાં સ્થાન



ગાંધીનગર, તા. ૩
એન. કે. સ્કૂલ ઓફ કોમર્સનો વિદ્યાર્થી મતદાન યશ જેમનો બેઠક નંબર G- 274934 જેમણે માર્ચ ૨૦૧૯ ધોરણ ૧૨ની બોર્ડ પરિક્ષામાં S.P. & CC વિષયમાં ૮૩ ગુણ મેળવેલ હતા, ગુણ ચકાસણી થતા ૪ ગુણનો વધારો થતાં ૮૭ ગુણ થયા. તેમના કુલ ગુણ ૬૩૦ હતાં જે વધીને ૬૩૪ થયા તેમજ તેમણે A1 ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. શાળા પરિવાર તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે સંસ્થાના કુલ ૬ વિદ્યાર્થીઓએ એ૧ ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપક્રમે ગાંધીનગરમાં 'ભાષાસંસદ'નું આયોજન



ગાંધીનગર, તા. ૩
માતૃભાષા ગુજરતીનાં સંવર્ધન, સંરક્ષણ અને સજ્જતા માટે કાર્યરત આ સંસ્થા દ્વારા 'ભાષાસંસદ'નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૭૮ સાધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમના પ્રારંભે દીપ-પ્રાગટ્ય માટે સ્વામિનારાયણ ગુરુકુળ(સત્સંગ શિક્ષા પરિષદ, સેકટર-૨૩)ના સંત રામસ્વામી પધાર્યા હતા.

માતૃભાષાના ઉત્થાન માટેના વિવિધ આયામોના ચર્ચાસત્રોના ચર્ચાપ્રવર્તક તરીકે ડો.દીપક તેરૈયા તથા ડૉ. માર્ગીબહેન હાથીએ સેવાઓ આપી હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમા કાર્યકારી કુલપતિ તરીકે કાર્યરત અને આ સંસ્થાના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહે બાળકોને માતૃભાષામાં શિક્ષણ અપાય તેના પર ભાર મૂક્યો હતો.

અંતે સંસ્થાના અધ્યક્ષ અને જાણીતા કવિ, કટારલેખક ભાગ્યેશભાઈ જહાએ ગુજરાતી અને ગુજરાતીપણાને ગૌરવ અને અભિમાન તરીકે લેખવાની હિમાયત કરી હતી.

# એસ. જી. - એસ. વી. શાળામાં વર્ગ પ્રતિનિધિઓનો પદગ્રહણ અને શપથવિધિ સમારોહ યોજાયો




એસ.જી.- એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં શાળાના કેપ્ટન, હાઉસ કેપ્ટન, સ્પોર્ટ્સ કેપ્ટન તેમજ વર્ગ પ્રતિનિધિઓનો પદગ્રહણ અને શપથ વિધિ સમારોહ યોજાયો હતો. કાર્યક્રમનો આરંભ પ્રાર્થનાથી થયો હતો. આ કાર્યક્રમમાં વાલીઓ તેમજ શાળાના ગુરુઓ દ્વારા વિદ્યાર્થીઓને બેજ અર્પણ કરાયા હતા. ગયા વર્ષના સ્કૂલ કેપ્ટને પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમનું એંકરિંગ શાળાના શિક્ષિકા જાસનાબેન અને રીમાબેને કર્યું હતું. અંતે વિદ્યાર્થીઓએ પોતાનાં કાર્યો નિષ્ઠાથી કરશે તેવી પ્રતિજ્ઞા લીધી હતી.

# મોજમાં રહેવું... મોજમાં રહેવું... અલખધણીની ખોજમાં રહેવું...

શાળાઓમાં વેકેશન પૂરું થયું, સાથે જ જાણે બધા ક્ષેત્રોમાં વેકેશન સમાપ્ત થયા જેવું લાગ્યું. સાથે સંસ્થાકીય નવા વર્ષનો પ્રારંભ પણ થયો. સુંદર આયોજનો થકી સારામાં સારું પીરસવાની આયોજકોની વચનબધ્ધતા ફરી કામે લાગી.

એના પરિણામ સ્વરૂપ શિવરંજની દ્વારા 'સ્વરોત્સવ' નું આયોજન વર્ષની સુંદર અને ચીરસ્મરણીય / અવિસમરણીય ભેટ કહી શકાય. સદભાગ્ય થી ખૂબ સુંદર સંયોગ રચાયો, વિશ્વ સંગીત દિવસના દિવસે, દ્રિ દિવસીય સ્વરોત્સવનો પ્રથમ કાર્યક્રમ પ્રસ્તુત થયો. શુધ્ધ સંગીતને વરેલી સંસ્થા માટે આથી મોટો તહેવાર અને એન ઉજવણી કઈ હોઈ શકે !! વળી એજ દિવસે વિશ્વ યોગ દિવસને કારણે આ દિવસ સાધના દિવસ બની રહ્યો. ગુજરાત માટે અને વિશ્વભરના ગુજરાતીઓ માટે જેમનું નામ જ કાફી છે એવા ગુજરાતના લાડીલા કલાકાર પદ્મશ્રી પ્રફુલ્લ દવે અને એમના સંતાનો ઈશાની અને હાર્દિકના સૂરીલા કંઠના સથવારે સંગીત દિવસની ઉજવણી શ્રવણીય બની રહી. જેમની હાજરી માત્ર ગરવીલો અનુભવ કરાવે એવા આ કલાકારે પોતાના ઘેઘુર અવાજ, લાક્ષણિક અદાઓ અને સંગીત પરના પ્રભુત્વ થકી લોક સંગીતનો જલસો કરાવ્યો. સંશોધન દ્વારા સ્વયંરચિત મા ભવાનીની સ્તુતિથી કાર્યક્રમની અનોખી શરૂઆત થઈ. માઢ રાગમાં રચિત આ સ્તુતિ સુંદર શબ્દોથી શણગારાયેલી હતી.

“ નાનાં છોરાં ને તેં મોટા બનાવ્યા અને મોટા ના ગર્વને ગાળ્યા ભવાની...” પછી મોજમાં રહેવું...મોજમાં રહેવું...અલખધણીની ખોજમાં રહેવું...

ધૂણી રે ધખાવી બેની અમે તારા નામની...વગેરે ગીતોથી કાર્યક્રમની સુંદર શરૂઆત થઈ. સર્વે સાજીંદા અને ગાયકો વચ્ચેનો તાલમેલ અને સાજીંદાઓની જીવંતતા વાતાવરણને, કાર્યક્રમને વધુ વેગીલો અને જાનદાર બનાવતો હતો.

મણિયારો તે હાલું-હાલું..., પિયુ પિયુ ઝંખતા ઝુલે પપૈયા..., પિયુ મારો કાળજાની કોર..., હાલો મનખડા, હાલો મેળામાં મારો મનનો માનેલ છે, મન મોર બની થનગાટ કરે ની જમાવટ સાથે...આપણા સૌનું પ્રિય મારે તે ટોડલે બેઠો અલ્યો મોરલો...મોરલો ક્યાંથી આયો જી હો ? ની મસ્તીભરી રજૂઆતથી વાતાવરણ સુંદર જામતું ગયું.

પ્રીત નગરની શેરી સોહામણી..., મારે ટોડલે બેઠો રે મોર કા બોલે...સાથે જાણીતા માનીતા ગીતો મોર બની થનગાટ કરે મન મોર બની... વાણિયો ને વાણિયણ જાત્રાએ જાય...એજી મારો હેલો સાંભળો... કાનુડો માંગ્યો દેને યશોદા મૈયા... મોહન મોરલી વગાડે રે... બાઈ મીરા કહે ગિરિધર નાગર... ઘરે આવો, ઘર કેરી નાર અમારે જાવું...

બધા જ ગીતોમાં સ્વરો સાથે ખેલતા આ ગાયક કલાકારો દરેક ગીત વિશેષ લય અને રાગમાં ઢાળી રજૂ કર્યું હતું. લોક સ્વરોના ગીતોનું પ્રભુત્વ રહ્યું હતું. જેમાં સહિયર મોરી રે વાટડિયું જોતાં રે મારો જનમારો ગયો રે લોલ...સહિયર મોરી ચાંદાની પછવાડે સુરજ કે' દી ઊગશે રે લોલ...ગીતે વિશેષ છાપ ઉપસાવી. શ્રોતાઓની ફરમાઈશ પર ' ચાલ જીવી લઈએ ' ફિલ્મનું પા-પા પગલી તેં કીધી...ઝાલીને મારો હાથ ની ભાવસભર રજૂઆત ઈશાની અને પ્રફુલ્લભાઈ ના અવાજમાં થઈ ત્યારે સમગ્ર ઓડિટોરિયમનું વાતાવરણ લાગણી સભર બની ગયું હતું. આ ઉપરાંત માનીતા ગીતો...ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ..., આપણા મલકના માયાળુ માનવી..., દાદા હો દિકરી, શિવરંજની રાગમાં લોકગીત પ્રસ્તુત થયું હતું...માડી હું તો બાર-બાર...હેમુ ગઢવીને યાદ કરતા...ગીતની રજૂઆત કરવામાં આવી. આંગણામાં માડી તારો આંબો...ચૂંદડીમાં એક રાતી ટીડલી...પ્રફૂલ્લભાઈનું સરળ-મોહક વ્યકિતત્વ અને એકધારા સ્મિતસભર વદનને કારણે સ્ટેજ પણ પ્રેક્ષણીય ભાસતું રહ્યું. પ્રેક્ષકોને સતત પોતાની સાથે જકડી રાખી કાર્યક્રમને મજબૂતાઈ બક્ષી હતી.

સ્વરોત્સવનો બીજો દિવસ એટલે સૂર સામાજ્ઞી સુશ્રી લત્તા મંગેશકરના મધુરા ગીતોની રસલ્હાણ. ડોક્ટરના વ્યવસાય સાથે સૂરોની આરાધના કરનાર ડો. ફાલ્ગુની શશાંક ના સ્વરોમાં મા સરસ્વતી ખુદ બિરાજમાન હોય એવું અનુભવાય...એમના અવાજના જાદુએ સ્વરોત્સવના બીજા દિવસને અદભૂત-અલૌકિક સ્પર્શ આપ્યો હતો.

એકથી એક ચડિયાતા-સૂરીલા ગીતોની વણઝારથી શ્રોતાગણ મંત્રમુગ્ધ સ્થિતીમાં સંપૂર્ણ કાર્યક્રમ માણ્યો હતો. પાકીઝા ફિલ્મના મૌસમ હૈ આશિકાના...થી સુંદર શરૂઆત બાદ ' મહલ ' ફિલ્મના ખેમચંદજી




લિખિત ગીત આયેગા...આયેગા, આંધીનું લોકપ્રિય ગીત ' તુમ આ ગયે હો...' ની સુંદર રજૂઆત થઈ હતી. આજા રે પરદેસી, મૈં તો કબસે ખડી ઈસ પાર..., લગ જા ગલે...સે ફિર યે, તુમ્હીં મેરે મંદિર, તુમ્હી મેરી પૂજા જેવા બેમિસાલ ગીતોનું પેકેજ, એટલે કે મેડલી રજૂ કરી હતી. મદનમોહનજી રચિત લગ જા લગે...ગીતને એ સમયગાળામાં એવોર્ડથી વંચિત રહેવાનું થયું હતું પરંતુ એની લોકચાહના એ, એ કમી પૂરી કરી હતી. લત્તાજીના મુંહ બોલા ભાઈ મજરુ સુલતાનપુરી દ્વારા લખેલ મદનમોહનજી દ્વારા સ્વરબધ્ધ, સેમી ક્લાસિકલ ફલેવરનું બૈંયા ના ધરો...ઓ બલમાના સુંદર પ્રસ્તુતિ થઈ હતી. ફિલ્મ ' શર્મીલી ' નું એસ.ડી.બર્મન દ્વારા સ્વરબધ્ધ થયેલ ગીત ' આજ મદહોશ હુઆ જાયે રે...' રજૂ થયું હતું. ડો. ફાલ્ગુનીજી એ કાર્યક્રમમાં, લત્તાજીએ ગાયેલા ગીતો માંથી બધી જ ફલેવરના ગીતોનો સુંદર ગુચ્છ બનાવ્યો હતો. જેમાં શ્રોતાઓ રમમાણ થઈ ઝૂમી ઊઠ્યા હતા. ડાન્સ ગીતો માટે લત્તાજીએ ગાયેલા બે ઉત્તમ ગીતોમાં સાજીદાઓ એ પણ તેમની જબરજસ્ત હુન્નરનો પરચો આપ્યો હતો...વહીદા રહેમાનજી પર ફિલ્માવાયેલું ગીત પિયા તોસે નૈના લાગે રે...તેમજ 'જવેલથીફ' ફિલ્મનું વૈજયંતિમાલાજી પર ફિલ્માવાયેલું “ હોઠો મેં ઐસી બાત મેં...”

આ કાર્યક્રમના મેઈલ વોઈસ તરીકે પધારેલ શ્યામ ગઢવીએ તેઓની સુંદર ગાયકી દ્વારા ફાલ્ગુનીબેન નો સુંદર સાથ નિભાવ્યો હતો. બંને ગાયકો દ્વારા સંયુક્ત રજૂ થયેલ ગીત ' રીમઝીમ ગિરે સાવન...' ખૂબ દાદ મેળવી હતી. હન્ટીંગ મેલોડીઝ માંથી ચૂનેલા બે ગીતોની ક્લાસિક રજૂઆત દિલ ડોલાવી ગઈ હતી. ગીતના શબ્દો હતા નૈના બરસે રીમઝીમ - રીમઝીમ...અને કહીં દીપ જલે કહીં દિલ...આ ઉપરાંત ' અમરપ્રેમ ' ફિલ્મનું ' રૈના બીત જાયે...' “ હસતા હુઆ નૂરાની ચહેરા...”, “ મોહે પનઘટ પે નંદલાલ...” રજૂ થયા હતા. ગુલદસ્તામાં રજૂ થયેલા ચીરકાલીન ગીતો આ પ્રમાણે હતા...

બેતાબ દિલ કી તમન્ના યહી હૈ... બાહોં મેં ચલે આઓ... જાને ક્યું લોગ મહોબ્બત કિયા કરતે હૈ...યે કહાં આ ગયે હમ...યુહીં સાથ-સાથ ચલતે... પરદેસીયા, સબ કહેતે હૈં મૈં ને તુઝકો દિલ... ગુલઝારજી દ્વારા લિખીત-હદયનાથ મંગેશકર રચિતઓ યારા સીલી સીલી બિરહા કી રાત કા જલના... રાજસ્થાની લહેકો ધરાવતુ ગીત, મારે હીવડા મેં... રહ ગઈ રે કટાર રે...મોરની બાગામાં બોલે આધી રાતમાં...ની સુંદર પ્રસ્તુતિ થઈ હતી. પંચમદા રચિત, ' મહેબૂબા ' ફિલ્મના “ મેરે નૈના સાવન ભાદો...” ગીતની રજૂઆત શ્યામ ગઢવીના અવાજમાં તેમજ લક્ષ્મીકાંત-પ્યારેલાલનું સંગીતબધ્ધ કરેલ ' એક દુજે કે લિયે ' ફિલ્મનું ગીત ' એ પ્યાર તેરી પહેલી નજર કો સલામ...' ફાલ્ગુનીજી દ્વારા રજૂ થયું હતું, બંને ગીતો એ ખૂબ દાદ મેળવી હતી. સુધીર ફટકીજીના કોમ્પોઝીશન પણ રજૂ થયા હતા. હેલનજી પર ફિલ્માવાયેલ એક માત્ર કેબ્રે સોંગ...આ જાનેજા ની સુંદર રજૂઆત સાથે “ સલામે ઈશ્ક મેરી જાન...” “ સાવન કા મહીના...” ગીતોની પ્રસ્તુતિ થઈ હતી. કાર્યક્રમના અંતભાગમાં ગુજરાતી ગીતોની ઝલક પ્રસ્તુત થઈ હતી. દિલીપ ધોળકીયાજીનું ' એક રજકણ સૂરજ થવાને...' તેમજ ' હે ઓધાજી એમ મારા વ્હાલા ને...' ' મહેંદી તે વાવી માળવે...' અંતમા ભારતીય નાગરિકોનું પ્રિય ગીત રજૂ થયું હતું. ફાલ્ગુનીબેને દેશના શહીદોને અંજલી આપતું ગીત ' એ મેરે વતન કે લોગોં...' ગાઈ ને દેશ અને જવાનોને સલામી અર્પી હતી. પરીશી વર્માએ કાર્યક્રમના સુંદર સંચાલન સાથે ગાયકીનો હૂન્નર પણ પેશ કર્યો હતો.

કાર્યક્રમનું સૌથી જમા પાસું કહીએ તો સ્વરોત્સવમાં પધારેલા બંને મુખ્ય કલાકારો, ગુજરાતના ગરવીલા કલાકાર હોવા સાથે, દેશભક્ત નાગરિક અને ઉત્તમ માનવીઓ છે. એમની કલા માત્ર વ્યવસાય નહીં એમની આરાધના છે એવી અનુભૂતિ સાથે 'સ્વરોત્સવ'ની સમાપ્તિ થઈ હતી. આ પછી સભ્યશ્રી ઓની અપેક્ષા, સંસ્થા પાસેથી વધી ગઈ છે. અડધી સદીની નજીક પહોંચેલી ગાંધીનગરની પ્રથમ શુધ્ધ સંગીતને વરેલી સંસ્થા ' શિવરંજની ' ને હાર્દિક અભિનંદન સાથે આવા જ કાર્યક્રમોની અપેક્ષા પણ. ઓલ ધી બેસ્ટ શિવરંજની.....

- મમતા રાવલ

# ગાંધીજીનો વિનોદ

॥ ૭૪મો મણકો ॥

**મુક્ત હાસ્ય**

ગાંધી આયો ! ગાંધી આયો રે ! તાજ વગરનો રાજ અમારો ગાંધી આયો રે ! - ગાંધી સદા જાગતો, નથી થાકતો, સદાય ખડખડ હસતો રે, મોહનમોહિની પાથરનારો ગાંધી આયો રે ! ગાંધી...

- જુગતરામ દવે

મૃત્યુ પહેલાં ગાંધી હિંદને સ્વતંત્રતા અપાવી ચૂક્યા હતા. હિટલર ગ્રેટ બ્રિટનના ચર્ચિલને હરાવી શક્યો નહોતો. પણ ગાંધીએ એ ચર્ચિલને હરાવ્યા. આ સૌમ્ય, શાંત અને હસતા માનવીને કરોડો હિંદવાસીઓ જ નહીં પણ વિશ્વના બાકીના દેશનેતાઓ પણ માન અને આદરભાવથી જુએ છે.

- માઈક નિકોલસન

અમારાં બાળકોને પ્રેમથી પડખામાં બેસાડતા. હાસ્યવિનોદ કરતા, શિખામણો આપતા - ભલે ને બે મિનિટ જ પણ અમને એ મિનિટો ધન્ય લાગતી.

- સુશીલા ગાંધી




ગાંધીજી આ સૌની જોડે વિનોદ કરતા અને મશ્કરી પણ કરવી ન ચૂકતા. પણ તેઓ કહેતા કે, મારા વિનોદ પાછળ પણ કંઈક પાઠ રહેલો હોય છે.

- ચંદ્રશંકર શુક્લ

વિશ્વના કેટલાક મહાન પુરુષોની જેમ ગાંધીજીમાં પોતાની જાત પ્રત્યે પણ હસવાની શક્તિ હતી.

જેઓ તેમને સૌથી સારી રીતે ઓળખતા હતા તે બધાને મોહિત કરે એવું તેમનું માણસાઈભર્યું તત્ત્વ અને ખાસ કરીને તેમની વિનોદવૃત્તિ હતાં.

- બી. ટંડન

પૂર્વમાં વિનોદવૃત્તિવાળો માત્ર એ એક જ માણસ છે.

- જ્યૉર્જ બર્નાર્ડ શૉ

જ્યારે જ્યારે હું ગાંધીની લાક્ષણિકતાઓનો વિચાર કરું છું ત્યારે સૌથી પહેલાં તેમની ખાસ વિનોદવૃત્તિ મને યાદ આવે છે.

- વુડરો વ્યાટ (એમપી)

સમસ્ત માનવજાતની વેદના વ્યક્ત કરવા છતાં ગાંધીજીમાં તીવ્ર વિનોદવૃત્તિ હતી.

- કૃષ્ણલાલ શ્રીધરાણી

તેમની વિનોદવૃત્તિ અસ્ત્રાની ધાર જેવી હતી.

- ડી બી ધનપાલ

તેમની સાથે સહમત ન થનાર વ્યક્તિ પણ તેમના વિનોદની છાંટવાળા વિચારો પ્રત્યે માનતી જોતી હતી.

- એન ઈ બૉગ્સ

હોઠ પર રમતું મુક્ત હાસ્ય.

- સિયારામ ગુપ્તા

હું ગાંધીજીને મળવા ગયો ત્યારે તેઓ કાંતતા હતા. તેમણે હસીને કહ્યું, આપણે ભારતનાં લોકગીતો વિશે વાતો કરીશું. લોકો પોતાની સ્વયંસ્ફૂર્તિથી જે અભિવ્યક્તિ કરે છે તેવું કોઈ ભાવવાહી લોકગીત સાંભળવાનું મને ગમશે.

મેં ચેમ્બાની ગદ્દી કન્યાનું એક લોકગીત ગાઈ સંભળાવ્યું. એમાં કન્યા કહે છે કે મેદાનના ગમે તેવા શ્રીમંત છોકરા સાથે પરણવાનું મને ગમતું નથી. પણ અમારા પ્રદેશના ભરવાડના છોકરા સાથે પરણવું મને ગમે છે.

આ પ્રણયગીત સાંભળી ગાંધીજી ખુશ થયા. પછી થોડી વાતો થઈ પણ એ વાતો વિનોદથી ઊભરાતી હતી. મજાક કેમ કરવી તે તેઓ જાણે છે અને બહુ સરળતાથી તત્કાળ તેઓ હસી શકે છે.

- દેવેન્દ્ર સત્યાર્થી

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર